| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ : માસ : દિવસ : |

---

**મે. પોરબંદરના બીજા એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં મું. પોરબંદર**

---

| | |
|---|---|
| ક્રિમીનલ કેસ નંબર | ૯૭૭/૨૦૨૬ |
| આંક | ૧૫ |

**ફરીયાદીઃ** – **શ્રી સરકાર**

**-- વિરૂદ્ધ --**

**આરોપી** **નરશી કારાભાઇ પરમાર ઉ.વ.૫૯**
**રહે. અડવાણા ગામ, દેવી પુજક વાસ**
**તા.જી.પોરબંદર**

**બાબતઃ** **જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી | એસ.બી.પરમાર |
| આરોપી તરફે વિ.વ.શ્રી. | એસ.એલ.ઓડેદરા |

**--// ઠ રા વ //--**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીએ ગઇ તા. ૨૯/૧૨/૨૦૨૫ ના કલાક ૧૬:૪૫ વાગ્યેના સમયે બગવદર ગામ થી ભારવાડા ગામ જતા જાહેરમાં રોડ ઉપર આરોપીએ ગે.કા. વગર પાસ પરમીટે

પોતાના કબજામાં પેન્ટના નેફામાં એક લાકડાના હાથા વાળી છરી કિંમત રૂા. ૨૦/- ની રાખી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ પોરબંદરના હથીયાર બંધીના જાહેરનામાંનો ભંગ કરી જાહેરમાંથી મળી આવી પકડાઇ જઇ ગુનો કરેલ છે. તે મતલબની ફરીયાદ ફરીયાદીએ બગવદર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, પોલીસ દ્વારા તે ફરીયાદ અનુસંધાને ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂદ્ધ જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હા સબબ પુરતો પુરાવો મળી આવતાં, હાલના આરોપી સામે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સામે આંક-૦૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં, તેમણે ગુન્હો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે, તેમ જણાવતાં, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | **સાહેદ નિલેષભાઇ મનુભાઇ મણવરની જુબાની** | **૦૬** |
| ૨. | **જાહેરનામું** | **૦૭** |
| ૩. | **પંચસાહેદ ગીરીશ દિનેશભાઇ બાલસની જુબાની** | **૦૮** |
| ૪. | **અટક પંચનામું** | **૦૯** |
| ૫. | **પંચસાહેદ અવિનાશ રમેશભાઇ કાનાણીની જુબાની** | **૧૦** |
| ૬. | **ફરીયાદી દેવાયતસિંહ રણવીરસિંહ સીસોદીયાની જુબાની** | **૧૧** |
| ૭. | **ફરીયાદ** | **૧૨** |
| ૮. | **તપાસ હુકમ** | **૧૩** |

(૪) આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાક્ષી તપાસ્યા બાદ અને મૂળ ફરીયાદી તરફે વધુ પુરાવો રજૂ કરવા માંગતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક

વિનંતી થી પુરાવો પૂરો થયાનું જણાવેલ છે, તે સંજોગો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપી સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં, આરોપીએ તેમની વિરૂદ્ધ પડેલ પુરાવાઓનો ઈન્કાર કરી, તેઓ નિર્દોષ છે અને તેઓ સામે હાલનો ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

(૬) ત્યારબાદ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.પરમાર તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એસ.એલ.ઓડેદરાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**--// <u>મુ દ્ધા</u> //--**

| | |
|---|---|
| **(૧)** | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા. ૨૯/૧૨/૨૦૨૫ ના કલાક ૧૬:૪૫ વાગ્યેના સમયે બગવદર ગામ થી ભારવાડા ગામ જતા જાહેરમાં રોડ ઉપર આરોપીએ ગે.કા. વગર પાસ પરમીટે પોતાના કબજામાં પેન્ટના નેફામાં એક લાકડાના હાથા વાળી છરી કિંમત રૂા. ૨૦/– ની રાખી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ પોરબંદરના હથીયાર બંધીના જાહેરનામાંનો ભંગ કરી જાહેરમાંથી મળી આવી પકડાઇ જઇ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?** |
| **(૨)** | **શુ હુકમ** |

(૭.૧.૧) ઉપરોકત મુદ્ધાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં** |
| **(૨)** | **આખરી હુકમ મુજબ** |

**--// કા ર ણો //--**

(૮) આ કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાને વિસ્તારથી ધ્યાને લેવામાં આવે તો,

**<u>પંચસાહેદનો પુરાવો :-</u>**

(૮.૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક-૦૮ થી પંચસાહેદ ગીરીશ દિનેશભાઇ બાલસને તેમજ આંક-૧૦ થી બીજા પંચસાહેદ અવિનાશ રમેશભાઇ કાનાણી** એવો પુરાવો આપે છે કે, આજથી આશરે બે-ત્રણ મહિના પહેલા પોલીસે એક તૈયાર કાગળમાં સહી લીધેલી.તેમને એક પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧/૨ તરીકે સહી છે જે ઓળખી બતાવી **આંક-૦૯** થી રજુ રાખેલ છે. એ સિવાય પંચનાબાં બાબતે તેઓ કાંઇ જાણતા નથી.આમ સદરહું પંચસાહેદોએ પંચનામાંની હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવા છતાં સદરહું પંચસાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ નિવડતો નથી.

**<u>સાહેદનો પુરાવો :-</u>**

(૯) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક-૦૬ થી સાહેદ નિલેષભાઇ મનુભાઇ મણવર** એવો પુરાવો આપે છે કે,તેઓ છેલ્લા દસ વર્ષથી જીલ્લા મેજી.કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને તા.૪/૧૨/૨૦૨૫ થી કલાર્ક તરીકે કલેકટર કચેરી હોમ શાખામાં ફરજ પર છે. ગઈ તા.૧૯/૧૧/૨૦૨૫ ના હુકમ ક્રમાક નં .એમએજી/સી/૩૭(૧)/૧૭૧૧-૧/૨૦૨૫ વાળા હુકમથી અધિક જીલ્લા મેજી.શ્રીએ તેઓને નામદાર કોર્ટમાં હાજર રહેવા તથા જાહેરનામાં અંગે કામગીરી કરવા જુબાની આપવા અધિકૃત કરેલ જેથી આજરોજ તેઓ નામ.કોર્ટમાં જુબાની આપવા માટે હાજર થયેલ છે.

ગત તા.૧૪/૧૧/૨૫ ના રોજ પોલીસ અધિક્ષક શ્રી પોરબંદરનાઓએ જીલ્લા મેજી.શ્રી સમક્ષ ગુજ.અધી ક.૧૯૫૧ ક.૩૭ ની પેટા ક.(૧) અન્વયેનુ હથીયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલી જે

દરખાસ્ત સંદર્ભે જીલ્લા મેજી.શ્રી પોરબંદર નાઓએ ગત તા.૨૧/૧૧/૨૫ થી તા.૨૯/૧૨/૨૦૨૫ બંને દિવસો સહિત જાહેરનામાં જણાવેલ કમ નં.૧ થી ૬ મુજબની શરતો અંગેનુ હથીયાર બંધી અંગેનું જાહેરનામું કરેલુ જે જાહેરનામુ તેઓની કચેરી દ્વારા વિવિધ સરકારી અને અર્ધ સરકારી કચેરીએ તથા જાહેર માહિતી કચેરી અને પોરબંદર જીલ્લા તથા તાલુકાના તમામ જાહેર તથા સાર્વજનીક સ્થળ પર સદર જાહેરનામાની શરતો જાહેર જનતા માટે પ્રસિધ્ધ કરાવવામાં આવેલ આ રીતે સદર જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવામાં આવેલ. તેમને તા.૧૯/૧૧/૨૦૨૫ ના હુકમ કમાક નં.એમએજી/સી/૩૭(૧)/૧૭૧૧-૧/૨૦૨૫ ના જાહેરનામાની ખરી નકલ બતાવવામાં આવે જે જોઈને જણાવે છે કે,અધિક જીલ્લા મેજી.શ્રી જે.બી.વદર સાહેબની સહી છે જે ખરી નકલ **આંક-૦૭** થી રજુ છે.

જયારે સદરહું સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,જાહેરનામા ની પ્રસિધ્ધી તેઓએ કરેલ નથી. જાહેરનામુ વર્તમાન પત્રકમાં પ્રસિધ્ધ કરેલ હોય કે ઢંઢેરો પીટેલ હોય તેની તેમને જાતમાહીતી નથી.જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી થયેલ હોય ચોકકસ કહી ના શકે.

**<u>ફરીયાદીનો પુરાવો :-</u>**

(૧૦) ફરીયાદ પક્ષે **આંક-૧૧ થી ફરીયાદી દેવાયતસિંહ રણવીરસિંહ સીસોદીયા** એવો પુરાવો આપે છે કે,ગઈ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ તેઓ બગવદર પો.સ્ટેમાં પો.હેડ કોન્સ.તરીકે ફરજ બજાવતા હતા તે વખતે તેઓ તથા એ.એસ.આઈ એચ.ડી.સીસોદીયા એ રીતેના પોલીસ સ્ટાફના માણસો બગવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા બગવદર ગામ થી ભારવાડા ગામ જતા રસ્તે રોડ પર પહોંચતા એક ઈસમ ત્યાં ઉભેલ હોય જે તેઓ પોલીસને જોઈ આડ અવળા થવા લાગતા જેના ઉપર શંકા જતા મજકુરને જેમનો તેમ રોકી ચેક કરતા તેના પેટના નેફામાથી છરી મળી આવેલ હોય જેથી એચ.ડી.સીસોદીયા નાઓએ તુરત જ બે પંચોના માણસોને બોલાવી હકીકતની સમજ કરી પંચો રૂબરુ સદર ઈસમનુ નામ પુછતા પોતે પોતાનુ નરશી કારાભાઈ

પરમાર ઉવ.૫૯ ધંધો મજુરી રહે.અડવાણા ગામ દેવી પુજકવાસ તા.જી.પોરબંદર વાળો હોવાનુ જણાવેલ બાદ મજકુર પાસે આ લાકડાના હાથા વાળી છરી પોતાના કબજામાં રાખવા અંગે આધાર પરવાનો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી પંચો રૂબરુ સદરહુ લાકડાના હાથા વાળી છરી હોય જે લંબાઈ માપી જોતા હાથની ૫ ઈંચ તથા ફણાની ૬ ઈંચની હોય જેની કી.રૂ.૨૦/- ગણી તપાસ અર્થે કબજે કરી મજકુરે મહે.જીલ્લા મેજી.શ્રી પોરબંદર કચેરીના એમ.એ.જી/સી/૩૭(૧)/૧૭૧૧-૧/૨૦૨૫ ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય જેથી આ અંગેનુ પંચનામુ કરી પંચનામુ પુરુ થયે આરોપીની ધોરણસર અટક કરી તેઓએ શ્રી સરકાર તરફે હાલની ફરીયાદ આપેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા તેમની સહી છે જે ઓળખી બતાવી અસલ ફરીયાદ **આંક-૧૨** થી રજુ છે.

સદર ગુન્હો બગવદર પો.સ્ટે ગુર.નં.૭૭૧/૨૫ થી નોધાયેલ જેની આગળની તપાસ પી.એસ.ઓ તરફથી પો.હેડ કોન્સ.એ.બી.ભટીને મળતા તપાસ સંભાળી લીધેલ જે તપાસ સંભાળ્યા અંગેનો હુકમ **આંક-૧૩** થી રજુ છે. તપાસ કરનાર અમલદારે સદર ગુન્હાની તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા તથા આરોપી વીરૂધ્ધ પુરતો પુરાવો હોય એ.બી.ભટી નાઓએ નામ કોર્ટમા ચાર્જશીટ કરેલ.

જયારે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે, તેમની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.સદર ઈસમ પર પ્રથમ નજક કોની પડી તે ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ બનાવવાળા સ્થળે કયારે પહોચેલા તે સમય તેમની ફરીયાદમાં જણાવેલ નથી.તેઓ પેટ્રોલીંગમાં નિકળેલા તે અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી.તેઓ જે વાહન લઈને પેટ્રોલીંગમાં નિકળેલા તેના રજી.નંબર ફરીયાદમાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે તથા લોકોની અવર જવર રહે છે અને રોડ ઉપર સતત માણસોની અને વાહનોની અવર જવર રહે છે.મુદામાલ છરી મુકત બજારમાં સહેલાઈથી મળી રહે છે.જાહેરનામાની બહોળી પ્રસિધ્ધ કરવામાં આવેલ કે કેમ તે તેઓ ન કહી શકે.ચાર્જશીટ જોતા પોલીસ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો

લેવામાં આવેલ નથી.

**<u>પુરાવાકીય મુલ્યાંકન</u> :–**

(૧૧) હાલના કામે ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપી ઉપર ૨૯/૧૨/૨૦૨૫ ના કલાક ૧૬:૪૫ ના અરસામાં બગવદર ગામ થી ભારવાડા ગામ જતા જાહેર રોડ ઉપર ગે.કા. વગર પાસ પરમીટે પોતાના પેન્ટના નેફામાં એક લાકડાના હાથા વાળી છરી છરી કિંમત રૂા. ૨૦/– ની રાખી મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ પોરબંદરના હથીયાર બંધી જાહેરનામાંનો ભંગ કરી જાહેરમાંથી મળી પકડાઇ જઇ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. જે અનુસંધાને ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દા સંદર્ભે મુલવવામાં આવે તો, આરોપી પર જાહેરમાં હથિયાર ધારણ કરીને જાહેરનામાનો ભંગ કરેલ હોવાનો છે તથા ફરીયાદ પક્ષનો આખો કેસ જે પંચનામા પર અધારીત છે તે બંને પંચનામાના પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓએ પોતાની સહિ તૈયાર લખેલા પંચનામામાં કરેલ હોવાનું જણાવે છે કે અનુસંધાને ફરીયાદી તથા સાહેદ એમ જણાવે છે કે પંચનામુ પંચોના જણાવ્યા મુજબનું સ્થળ પર કરવામાં આવેલ તે અનુસંધાને પંચોની જુબાની ધ્યાને લઇએ તો તેઓ એ પોતાની બનાવવાળી જગ્યાએ કરેલ હોય કે તેઓ પોલીસ સાથે સ્થળ પર ગયેલ હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી. વધુમાં હાલના કામે તપાસનીશ અમલદારે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તેઓએ રેડમાં હાજર પોલીસ કર્મીઓના જ નિવેદન લીધેલ છે જ્યારે બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા હોવાનું ફરીયાદી સાહેદ સ્વિકારે છે આમ, બનાવ વાળી જગ્યાએ જાહેર જગ્યા હોવા છતાં પણ કોઇ સ્વતંત્ર સાહેદના નિવેદન હાલના કામે લીધેલ હોય તેવુ બનેલ નથી.

(૧૨) આમ, હાલ ના કામે નજરે જોનાર તથા જેઓ ના રૂબરુમાં ફરીયાદીએ આરોપીને હથિયાર સહીત પકડેલ છે તેવા સ્વતંત્ર કહિ શકાય તેવા પંચો આ કામે ફરીયાદ પક્ષના તમામ બનાવનો સાફ શબ્દો માં ઇન્કાર કરે છે અને પોતાની

રૂબરૂમાં કોઇ કાર્યવાહિ થયેલ હોવાની વાત નો ઇન્કાર કરે છે આમ જ્યારે આરોપીઓ ની અટક જ સાબિત થતી ન હોય આરોપીહથિયાર સાથે જાહેર સ્થળ પરથી મળી આવેલ હોય તેવુ માની શકાય નહિ. અને જ્યારે આરોપી પાસેથી હથીયારની રીકવરીજ સાબીત થતી ન હોય આરોપીએ જાહેરનામાનો ભંગ કરેલ છે તેવુ માની શકાય નહી.

(૧૩) વધુમાં ફોજદારી કેસમાં ફરીયાદ પક્ષેથી પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે એટલે કે વ્યાજબી શંકા થી પર સાબિત કરવાનો હોય છે અને જ્યા સુધી આરોપી વિરુધ્ધ કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને સજા થઇ શકે નહિ અને જ્યારે આરોપીને ગુનો સાથે સાંકળતી તમામ કડીઓ જોડાય નહિ ત્યાં સુધી આરોપી સામે કેસ સાબિત થયેલો ગણી કે માની શકાય નહિ. તેમજ હાલ ના કામે ફક્ત પોલીસકર્મીના નિવેદન લીધેલ છે જે હિત ધરાવતા સાહેદો છે જેઓની જુબાનીને અન્ય કોઇ તટસ્થ રીતે સમર્થન મળતુ ન હોય જેઓની જુબાની ના આધારે આરોપીને સજા થઇ શકે નહી કે આરોપી સામેનો કેસ સાબીત થયેલો ગણી કે માની શકાય નહિ અને હાલના કામે પંચો પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી જે જોતા સમગ્ર પંચનામુ પણ શંકાસ્પદ બની જાય છે અને જ્યારે જ્યારે આવી શંકા ઉપસ્થીત થતી હોય તેનો લાભ આરોપીને મળવો જ જોઇએ.

(૧૪) આમ, હાલના કામે ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ આરોપાયેલ ગુન્હાના આવશ્યક તત્વો પૈકી ના એક પણ તત્વ કોઇ પણ રીતે સાબિત કરી શકેલ નથી. આમ, ઉપરોક્ત પુરવો, હકિકતો અને સંજોગો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: <u>હુકમ</u> ::–**

૧. આ કામે આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) હેઠળ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ (એ) આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

3. અપીલ સમય બાદ મુદ્દામાલ હથીયારનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે .

હુકમ આજ રોજ **તા.૧૭ મી માહે માર્ચ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તા.૧૭.૦૩.૨૦૨૬**
**પોરબંદર**

**કોમલ કુનાલ રાઠોડ**
**બીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**જજ કોડ નં. જીજે–૦૧૧૩૦**